નવગુજરાત સમય

**વેપારીઓની વિટંબણા** ખાતામાંથી રકમ વિથડ્રો થઈ જાય છે પણ જમા કરવા નાંખેલા ચેકની રકમ સમયસર ક્રેડિટ ન થતાં તે ખાતાના એડવાન્સ ચેક પણ રિટર્ન થાય છે

# સીટીએસમાં ચેક ક્લિયરિંગ મોડું થાય તો બેન્કોના વાંકે કરદાતાને પેનલ્ટી

**મારિષા સાગર શાહ** > અમદાવાદ

માઈકર સિસ્ટમને રિપ્લેસ કરીને રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ ઊભી કરેલી ચેક ટ્રંકેશન સિસ્ટમ (સીટીએસ)માં અવારનવાર થતા છબરડાને કારણે રાષ્ટ્રીયકૃત બેન્કોમાં જમા કરાવેલા ચેક પાંચ પાંચ દિવસ સુધી ક્લીયર થતા નથી. આ કારણોસર નાણાંકીય વર્ષના અંતમાં કરદાતાઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. સીટીએસ સિસ્ટમમાં આવતી ટેક્નિકલ સમસ્યાઓને કારણે કરદાતાઓએ એડવાન્સ ટેક્સ પેમેન્ટ માટે ભરેલા ચેક પણ રિટર્ન થતા હોવાના કિસ્સા બની રહ્યા છે. એડવાન્સ ટેક્સની ડ્યુ ડેટ પહેલા કરદાતાઓએ બેન્કમાં ચેક જમા કરાવ્યા હોય તો પણ ચેક અઠવાડિયાના ગાળા સુધી ક્લીયર થતા નથી. પરિણામે ટેક્સ ડિપાર્ટમેન્ટ પાસે પેમેન્ટ ડ્યુ ડેટ પછી પહોંચે છે અને બેન્કોને વાંકે ટેક્સ ડિપાર્ટમેન્ટ કરદાતાઓને પેનલ્ટી ફટકારી રહ્યું છે.

વાસ્તવમાં કસ્ટમર અવર્સ દરમિયાન ગ્રાહકો પાસેથી ચેક સ્વીકારીને ક્લીયરિંગમાં મોકલવા બંધાયેલી બેન્કોએ સીટીએસ સિસ્ટમ ઈન્ટ્રોડ્યુસ થયા પછી ૧:૩૦ વાગ્યા પછી ચેકો સેમ ડે ક્લીયરિંગમાં મોકલવાનું બંધ કરી દીધું છે. આથી લોકોને બેન્કમાં ચેક જમા કરાવવા માટે માત્ર બે થી અઢી કલાક જેટલો ઓછો સમય જ મળે છે. ઘણી વાર ૧:૩૦ વાગ્યા પછી બેન્કમાં ચેક જમા કરાવનારાઓને બેન્કનો સ્ટાફ ડ્રોપ બોક્સમાં ચેક નાંખી દેવાની પણ ફરજ પાડે છે. પરંતુ ઉતાવળ કરીને સેમ ડે ક્લીયરિંગ માટે સમયસર ચેક મોકલી આપનાર ગ્રાહકોને પણ તે જ દિવસે ચેકની રકમ દિવસો સુધી ડિપોઝિટ ન મળતી હોવાના સેંકડો કિસ્સા બની રહ્યા છે.

સી.એ મહેશ છાજડ કહે છે, "ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટના સોફ્ટવેર પ્રમાણે કરદાતાએ ચેક જમા કરાવ્યો હોય એ દિવસ નહીં પરંતુ ડિપાર્ટમેન્ટમાં રકમ જમા થઈ હોય એ દિવસે રિટર્ન ફાઈલ થયું ગણાય છે. દાખલા તરીકે, કોઈ કરદાતાએ આ વર્ષે ૧૩ માર્ચે એડવાન્સ ટેક્સ જમા કરાવ્યો હોય અને




સીટીએસ સિસ્ટમમાં ખામીને કારણે ચેક એડવાન્સ ટેક્સની ડ્યુ ડેટ બાદ ૧૯ માર્ચે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટમાં જમા થાય તો પણ એડવાન્સ ટેક્સ મોડું ભરવા બદલ એક મહિનાના વ્યાજની પેનલ્ટી લાગે છે. સપ્ટેમ્બર અને ડિસેમ્બર ક્વાર્ટરમાં તો ત્રણ મહિનાના વ્યાજની પેનલ્ટી ફટકારી દેવાય છે." જો કે એપલેટ ટ્રિબ્યુનલમાં અપીલમાં કરદાતાને પેનલ્ટીમાંથી મુક્ત કરવામાં આવે છે પરંતુ બેન્કોને વાંકે કરદાતાઓને કોર્ટના ધક્કા અને ખર્ચ તો માથે પડે જ છે.

નરોડા ઈન્ડસ્ટ્રીયલ યુનિયનના વડા શૈલેશ પટવારી જણાવે છે, "વેપારીઓના એકાઉન્ટ્સમાંથી ચેક લખી આપ્યો હોય એ રકમ ડેબિટ તો થઈ જાય છે પરંતુ બીજા ચેકમાંથી ખાતામાં જમા થવા પાત્ર રકમ દિવસો સુધી ક્રેડિટ થતી નથી. આથી એડવાન્સ ટેક્સના ચેક પણ રિટર્ન થઈ રહ્યા હોવાના દાખલા બની રહ્યા છે. એક્સાઈઝ વગેરેમાં પણ માલ ક્લીઅર થઈ ગયા પછી ચેક રિટર્ન થતા વેપારીઓની હાલાકીનો પાર રહેતો નથી."

**નવી સિસ્ટમમાં થોડો સમય તકલીફ પડે**

રિઝર્વ બેન્કના એક અધિકારીએ કહ્યું હતું કે, "કોઈ પણ નવી સિસ્ટમ ઈન્ટ્રોડ્યુસ કરવામાં આવે ત્યારે શરૂઆતમાં તો મુશ્કેલીઓ પડે જ છે. પરંતુ થોડા સમયમાં બધું જ થાળે પડી જશે તેવી અપેક્ષા છે."

## ચેક ૧ એપ્રિલ સુધી ક્લીયર ન થાય તો રોકાણોને કયા વર્ષમાં ગણવા?

સીટીએસની ખામીએ રોકાણકારોની પણ મૂંઝવણ વધારી દીધી છે. પીપીએફમાં કોઈ રોકાણકારે ૨૫ માર્ચના રોજ પોસ્ટ ઓફિસમાં ચેક જમા કરાવ્યો હોય અને સીટીએસમાં ખામીને કારણે ૧ એપ્રિલ સુધી એ ચેક ક્રેડિટ ન થાય તો પીપીએફના રોકાણને કયા વર્ષમાં ગણવું? આ માટે રોકાણકારને મળતા ટેક્સ બેનિફિટ ગુમાવવા પડે તે માટે કોને જવાબદાર ગણવું? એક વર્ષ સુધી પીપીએફમાં રકમ જમા ન કરાવવાથી થતી પેનલ્ટી માટે જવાબદાર કોણ? આ તમામ પ્રશ્નોનો જવાબ લોકો રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા અને રાષ્ટ્રીયકૃત બેન્કો પાસે ઝંખી રહ્યા છે.